Navgujarat Samay

March 23, 2022
Page No.04

# અમદાવાદમાં ગ્લોબલ સિંધુ સમિટ યોજાશે

નવગુજરાત સમય > અમદાવાદ

ભારતીય સિંધુ સભાના ઉપક્રમે 10મી એપ્રિલે પ્રથમ ગ્લોબલ સિંધુ સમિટ યોજાનાર છે. ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ આ મેગા ઈવેન્ટનું ઉદઘાટન કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય અતિથિપદે રહેશે.આ વૈશ્વિક સમિટ અમદાવાદમાં ભાટ ખાતે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) ખાતે યોજાશે અને 10 દેશોના સિંધી બિઝનેસમેન, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગસાહસિકો તથા પ્રોફેશનલ્સ તેમાં ભાગ લેશે. 15,000થી વધુ મુલાકાતીઓ અને 600 ડેલિગેટ્સ આ સમિટની મુલાકાત લેશે. કાર્યક્રમની વિગતો રજૂ કરતા ભારતીય સિંધુ સભા-ગુજરાતના પ્રમુખ અને સમિટના કો-ઓર્ડિનેટર નિખિલ મેઠીયાએ જણાવ્યું હતું કે, ભારતમાં સૌપ્રથમ વખત સિંધી સમુદાય માટે મોટાપાયે સમિટનું આયોજન થઈ રહ્યું છે અને આ ઈવેન્ટ અમદાવાદમાં યોજાઈ રહી છે. આ દિવસ અમારા માટે એટલા માટે ખાસ છે કે દર વર્ષે 10 એપ્રિલને સિંધી સમુદાય સિંધી ભાષા દિવસ તરીકે ઊજવે છે.